# રાજ્યમાં ૧,૫૪૬ નવી મહેસૂલી જગ્યાઓ ઊભી કરાશે: ભરતી અને તાલીમ માટે બજેટમાં માતબર જોગવાઈ

કમલમ્,

ગુજરાત વિધાનસભા ખાતે મહેસૂલ રાજ્યમંત્રી સંજયસિંહ મહીડાએ વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટ માટેની મહેસૂલ વિભાગની કુલ ૫૫૫૧ કરોડની અંદાજપત્રીય માંગણીઓ રજૂ કરી હતી. જેને ગૃહમાં પસાર કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, ગત વર્ષના બજેટની કુલ ૫૪૨૭ કરોડની જોગવાઈ સામે આ વર્ષે ૧૨૪ કરોડનો વધારો સૂચવવામાં આવ્યો છે. જેમાં ટેકનોલોજીનો વ્યાપ વધારવા અને વહીવટી પારદર્શિતા લાવવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. આ અંગે વિવિધ સુધારાઓ અને મુદ્દાઓ પર વિસ્તૃત છણાવટ કરતાં મંત્રીશ્રીએ જણાવ્યું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી હંમેશાંથી ડિજિટલ ઈન્ડિયા પર ભાર મૂકે છે, ત્યારે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબમુખ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં રાજ્ય સરકાર સતત વધુ પારદર્શકતા સાથે નાગરિકોના હિતમાં કામ કરી રહી છે. તેમણે જણાવ્યું કે iORA પોર્ટલ થકી ખેડૂત ખરાઈ અને વારસાઈ નોંધ જેવી ૩૯ જેટલી સેવાઓ ઓનલાઈન કરવામાં આવી છે. આ પોર્ટલ સાથે સિટી સર્વે ઈન્ફોર્મેશન સિસ્ટમ અને ઈ-ધરાના જોડાણથી હવે બિનખેતીની પરવાનગી મળતાની સાથે જ અરજદારોને સીધા જ ડિજિટલ પ્રોપર્ટીકાર્ડ મળી જાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. iORA માટે ૫ કરોડની જોગવાઈ કરાઈ છે. તેમણે ઉમેર્યું કે અત્યાર સુધીમાં ૨.૯૦ કરોડથી વધુની આવકના દાખલાની અરજીઓ, ૨.૧૪ કરોડથી વધુની રેશનકાર્ડની વિવિધ સેવાઓ, ૫૧ લાખથી વધુ નોન ક્રીમીલેયર પ્રમાણપત્ર કાઢવાની અરજીઓ, ૫.૭૩ લાખથી વધુ વિધવા સહાય પ્રમાણપત્રની અરજીઓ, ૭ લાખથી વધુ સિનિયર સિટિઝન પ્રમાણપત્રની અરજીઓનો નિકાલ કરવાની કાર્યવાહી કરવામાં આવી છે. વધુમાં, અત્યાર સુધીમાં ૧.૯૯ કરોડથી વધુની અન્ય પ્રકારની સેવાઓની અરજીઓનો નિકાલ કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે. મહેસૂલ રાજ્યમંત્રીએ કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી જ્યારે રાજ્યના મુખ્યમંત્રી હતા, ત્યારે નાગરિકલક્ષી અભિગમ અપનાવીને વહીવટી સુધારા અને 'સરકાર નાગરિકના દ્વારે' જેવા પગલાં લીધા હતા. જે અંતર્ગત, એ.ટી.વી.ટી (ATVT) અંતર્ગત જનસેવા કેન્દ્રો જેવા પ્રકલ્પ શરૂ કર્યા હતા. જેના થકી અત્યાર સુધીમાં ૭.૯૮ કરોડથી વધુ અરજીઓનો નિકાલ કરાયો છે. જેમાંથી ૫૦ સેવાઓ 'વન ડે સર્વિસ' હેઠળ ઉપલબ્ધ છે. ઈ-ધરા કેન્દ્રો દ્વારા ૭/૧૨ અને ૮-અ ના રેકોર્ડ્સ સંપૂર્ણ કોમ્પ્યુટરાઈઝ્ડ કરવામાં આવ્યા છે. એટીવીટી અને ઈ-ધરા માટે ૧૩૬ કરોડની જોગવાઈ સૂચવી છે. આ જ પ્રકારે, મહેસૂલ વિભાગની કામગીરીને વેગ આપવા વિવિધ સંવર્ગની ૧૫૪૬ નવી જગ્યાઓ ઊભી કરવા ૪૭ કરોડની જોગવાઈ કરાઈ છે. ઉપરાંત, નાયબ મામલતદાર અને તલાટી સંવર્ગની ૪૧૩૩ જગ્યાઓ પર ભરતી પ્રક્રિયા પ્રગતિ હેઠળ છે. મહેસૂલી કર્મચારીઓની ક્ષમતા નિર્માણ માટે ૪ કરોડ ફાળવ્યા છે. મહત્ત્વની વાત એ છે કે, 'દીનદયાળ મોજણી અને મહેસૂલી વહીવટ સંસ્થા'ને કેન્દ્ર દ્વારા 'સેન્ટર ઓફ એક્સેલન્સ'નો દરજ્જો અપાયો છે. તેમણે વધુમાં જણાવ્યું કે નવી કલેક્ટર કચેરીઓ, મહેસૂલી ભવન અને ૫૬૦ સ્ટાફ ક્વાર્ટર્સ માટે ૫૪૫ કરોડની જોગવાઈ કરી છે. જે અંતર્ગત, સુરેન્દ્રનગર ખાતે નવી કલેક્ટર કચેરીના ભવન માટે, ખેડા જિલ્લાના મહુધા, મોરબી જિલ્લાના માળીયા અને ટંકારા, અમરેલી જિલ્લાના લાઠી, આણંદ જિલ્લાના ઉમરેઠ, સુરત શહેરના અબ્રામા ખાતે નવી મહેસૂલી કચેરીઓના બાંધકામ માટે દસ્ક્રોઈ, ઠાસરા અને પાટણ ખાતેના હયાત મહેસૂલી કચેરીઓના વિસ્તરણ માટેની જોગવાઈનો સમાવેશ થાય છે. જ્યારે રાજ્યના ગ્રોથ એન્જિનને ગતિ આપવા અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસ-વે અને કેશોદ એરપોર્ટ જેવા મહત્ત્વના પ્રોજેક્ટ્સ માટે જમીન સંપાદન પૂર્ણ કરવામાં આવ્યું છે. જમીન દફતર ખાતા માટે કુલ ?૨૪૩ કરોડ ફાળવ્યા છે. મહેસૂલ રાજ્યમંત્રીએ કહ્યું કે ખેતીની જમીનના વેચાણ નોંધ માટે ૨૫ વર્ષ અગાઉનો રેકોર્ડ ધ્યાને લેવાનો રહેશે નહીં તેમજ તા. ૮ એપ્રિલ, ૨૦૨૫થી અમુક વિસ્તારોની નવી શરતની જમીનોને જૂની શરતમાં ગણવાનો અને પ્રીમિયમમાંથી મુક્તિ આપવાનો નિર્ણય લેવાયો છે. 'સ્વામિત્વ' યોજના હેઠળ ૧૪,૮૦૧ ગામોમાં ડ્રોન દ્વારા માપણી પૂર્ણ થઈ છે તેમ પણ તેમણે ઉમેર્યું હતું. રાજ્યમાં કુદરતી આફત વ્યવસ્થાપન અને સહાયની વિગતો આપતાં તેમણે જણાવ્યું કે ચોમાસુ-૨૦૨૫માં ખેડૂતોને થયેલા નુકસાન સામે સરકારે ૧૦,૦૦૦ કરોડનું માતબર પેકેજ જાહેર કર્યું હતું.



★ મહેસૂલી સેવાઓ હવે નાગરિકોના આંગણે: iORA પોર્ટલ દ્વારા ૩૯ સેવાઓ ઓનલાઇન અને ૫૦ સેવાઓ 'વન ડે સર્વિસ'માં ઉપલબ્ધ

★ ખેડૂત હિતલક્ષી નિર્ણયો: વેચાણ નોંધ માટે ૨૫ વર્ષ જૂના રેકોર્ડની ચકાસણીમાંથી મુક્તિ અને નવી શરતની જમીનો જૂની શરતમાં ફેરવાશે

★ કુદરતી આફતો સામે સુરક્ષા કવચ: SDRF અને SDMF હેઠળ ૨,૧૪૫ કરોડની જોગવાઈ અને ૩,૫૦૦ 'આપદા મિત્રો' સજ્જ

★ 'સ્વામિત્વ' યોજના હેઠળ ૧૪,૮૦૧ ગામોમાં ડ્રોન માપણી પૂર્ણ: સેટેલાઇટ ટેક્નોલોજીથી સરકારી જમીનોનું મોનિટરિંગ

★ મહેસૂલ રાજ્યમંત્રી શ્રી સંજયસિંહ મહીડા દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ની અંદાજપત્રીય માંગણીઓ રજૂ: બજેટમાં ટેક્નોલોજી અને પારદર્શિતા પર ભાર

★ વિધાનસભા ગૃહમાં મહેસૂલ વિભાગની પૂરક માગણીઓ પસાર: મહેસૂલ વિભાગનું ૫૫૫૧ કરોડનું પ્રજાલક્ષી બજેટ

આગામી વર્ષ માટે SDRF હેઠળ ૧૭૧૬ કરોડ અને SDMF હેઠળ ૪૨૯ કરોડની જોગવાઈ છે. આપત્તિ સમયે મદદ માટે ૩૫૦૦થી વધુ 'આપદા મિત્ર' તૈયાર કરાયા છે. સ્ટેમ્પ અને નોંધણી તંત્ર માટે ૧૫૦ કરોડ તથા પંચાયતોને સ્ટેમ્પ ડ્યુટી વળતર માટે ૭૦૦ કરોડની જોગવાઈ છે. પાંચ સબ-રજિસ્ટ્રાર કચેરીઓને ૩.૫૦ કરોડના ખર્ચે 'મોડેલ કચેરી' બનાવાશે તેમ મહેસૂલ રાજ્યમંત્રીએ ઉમેર્યું હતું. રાજ્યની ૨૯૪માંથી ૨૯૨ સબ-રજિસ્ટ્રાર કચેરીઓને હવે CCTV કેમેરાના નેટવર્ક હેઠળ આવરી લેવામાં આવી છે. જેનાથી વહીવટમાં પારદર્શિતા વધશે. આધુનિક સોફ્ટવેર અને હાર્ડવેરને કારણે દસ્તાવેજ નોંધણીની પ્રક્રિયા વધુ સરળ અને વેગવાન બનશે. આમ, વિધાનસભા ગૃહમાં મહેસૂલ રાજ્યમંત્રી સંજયસિંહ મહિડા દ્વારા રજૂ કરવામાં આવેલી મહેસૂલ વિભાગની અનુદાન અંગેની માગણીઓ મંજૂર કરવામાં આવી હતી.

# રાજ્યના રસ્તાઓ વિકાસની રક્તવાહિનીઓ છે, પબ્લિક ટ્રાન્સપોર્ટ તેને ધબકતું રાખવાનું કાર્ય કરે છે: મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના '7C' વિઝન સાથે ગુજરાતનું પરિવહન ક્ષેત્ર થશે 'ટ્રાન્સફોર્મ'



કમલમ્,

ગુજરાત વિધાનસભા ખાતે વાહન વ્યવહાર વિભાગની અંદાજપત્રીય માંગણીઓ પરની ચર્ચામાં સહભાગી થતા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના માર્ગદર્શન હેઠળ વાહન વ્યવહાર વિભાગ માટે જોગવાઈમાં માતબર વધારો કરવામાં આવ્યો છે. મંત્રી શ્રી વાઘાણીએ રાજ્યના રસ્તાઓને 'રક્તવાહિની' અને એસ.ટી. બસોને 'રક્તકણો' સાથે સરખાવતા કહ્યું હતું કે, ગુજરાતના આ રસ્તાઓ અને તેના પર ચાલતી રાજ્ય વાહન વ્યવહાર વિભાગની ST બસોએ રાજ્યના વિકાસનો નકશો બદલી નાખ્યો છે. આજે સમગ્ર રાષ્ટ્ર ગુજરાતના વાહન વ્યવહાર માળખાથી પ્રભાવિત થઈને પ્રેરણા લઈ રહ્યું છે. મંત્રીશ્રીએ ગત વર્ષે ઉત્તરપ્રદેશના પ્રયાગરાજ ખાતે યોજાયેલા મહાકુંભનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, છેવાડાના ગરીબ પરિવારો પણ આસ્થાના આ મહાકુંભમાં ડૂબકી લગાવી શકે તે માટે રાજ્ય સરકારે સંવેદનશીલ અભિગમ અપનાવ્યો હતો. ગુજરાત ST અને પ્રવાસન નિગમ દ્વારા ખાસ પેકેજ અંતર્ગત ૨૪ અત્યાધુનિક વોલ્વો બસો થકી ૧૪૦ ટ્રીપ દ્વારા ૬૦૦૦થી વધુ શ્રદ્ધાળુઓને મુસાફરી અને સ્ટાર રેટેડ હોટલમાં રોકાણની સુવિધા પુરી પાડી હતી. નવીન બસો અને માળખાગત સુવિધાઓ અંગે મંત્રીશ્રીએ કહ્યું કે, ગત વર્ષે ૧૫૦૦ નવી બસોના લક્ષ્યાંક સામે રાજ્ય સરકાર દ્વારા ૧૭૮૬ નવીન બસો પ્રજાની સેવામાં મૂકવામાં આવી છે. જેમાં ૧૧૧ બસો ખાસ આદિજાતિ વિસ્તારના વિદ્યાર્થીઓ માટે વડાપ્રધાનશ્રી દ્વારા લોકાર્પિત કરાઈ છે. ટૂંક જ સમયમાં વધુ ૧૮૨ નવી બસો પણ શરૂ કરવામાં આવશે. આ ઉપરાંત છેલ્લા એક વર્ષમાં ૧૦૦ વોલ્વો અને ૧૦૦ એસી પ્રીમિયમ બસો પણ શરૂ કરવામાં આવી છે. વડાપ્રધાન શ્રી મોદીના '7C' વિઝન અને લક્ષ્યાંક અંગે તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતનું પરિવહન ક્ષેત્ર વડાપ્રધાનશ્રીના ૭C એટલે કે, કોમન, કનેક્ટેડ, કન્વીનિયન્ટ, કન્જેકશનફ્રી, ચાર્જ્ડ, ક્લીન અને કટિંગ એજ ટેકનોલોજીના આધાર પર કાર્ય કરી રહ્યું છે. મંત્રીશ્રીએ ઉમેર્યું કે, છેલ્લા ૨ વર્ષમાં એસ.ટી.ના દૈનિક મુસાફરોની સંખ્યા ૨૫ લાખથી વધીને ૨૭ લાખ થઈ છે, જેને ૨૦૨૭ સુધીમાં ૩૦ લાખ સુધી પહોંચાડવાનો રાજ્ય સરકારનો સંકલ્પ છે. વધુમાં, આદિવાસી વિસ્તારોના વિદ્યાર્થીઓના સુરક્ષિત પરિવહન માટે ૧૪ જિલ્લાના ૫૩ તાલુકાઓમાં રૂ. ૧૨૯.૦૪ કરોડના ખર્ચે ૫૦૦ નવી મીની બસો ફાળવવામાં આવી છે. એસ.ટી. નિગમ એ માત્ર નફા-નુકસાનની પેઢી નથી પણ 'કલ્યાણ રાજ્ય'નો હેતુ સિદ્ધ કરવાનું માધ્યમ છે, જે સાડા છ કરોડ ગુજરાતીઓની પાંખો બની છે, તેમ તેમણે ઉમેર્યું હતું. વિધાનસભા ગૃહમાં વાહનવ્યવહાર વિભાગની અંદાજપત્રીય માંગણીઓ પસાર કરવામાં આવી હતી.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારના વિઝનરી બજેટથી ગુજરાત વૈશ્વિક ઔદ્યોગિક નકશા પર નવી ઊંચાઈઓ સર કરશે: મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી

## રાજ્ય સરકારનું આ બજેટ ગુજરાતને ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતનું પ્રેરક એન્જિન બનાવશે : શ્રી જીતુભાઈ વાઘાણી

**સેમિકન્ડક્ટર ક્ષેત્રે ગુજરાત દેશનું અગ્રેસર રાજ્ય બન્યું, ધોલેરામાં ટાટા ઇલેક્ટ્રોનિક્સ દ્વારા રૂ.૯૧ હજાર કરોડના રોકાણ સાથે દેશનો પ્રથમ સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન પ્લાન્ટ આકાર લઈ રહ્યો છે**



કમલમ્,

વિધાનસભા ગૃહમાં આજે ઉદ્યોગ અને ખાણ વિભાગની અંદાજપત્રીય માંગણીઓ પરની ચર્ચાનો જવાબ આપતા, ઉદ્યોગ મંત્રીશ્રી વતી મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યુંહતું કે, અગાઉના શાસનમાં યુવાનો પાસે સુવિધાઓ નહોતી અને ઉદ્યોગપતિઓ પાસે ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો અભાવ હતો, પરંતુ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી નેતૃત્વમાં ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ સરકારે ગુજરાતના સર્વાંગી વિકાસ માટે તિજોરીના દ્વાર ખોલી નાખ્યા છે. તેમણે ગૃહમાં વર્ષ ૨૦૨૬-૨૭ ના બજેટની વિસ્તૃત વિગતો આપતા કહ્યું કે, ઉદ્યોગ અને ખાણ વિભાગ માટે ?૧૩,૯૪૨ કરોડની ઐતિહાસિક જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત પ્રવાસન, રમતગમત અને યુવક સેવા સાંસ્કૃતિક સહિતના સંલગ્ન વિભાગો માટે કુલ મળીને ?૨૩,૦૦૦ કરોડથી વધુનું માતબર આયોજન કરવામાં આવ્યું છે, જે ગુજરાતના ભાવિ વિકાસનો મજબૂત રોડમેપ છે. રાજ્યની આર્થિક કરોડરજ્જુ સમાન સ્જીસ્ઈ એકમો માટે રાજ્ય સરકારે 'આત્મનિર્ભર ગુજરાત સ્કીમ' હેઠળ ?૧૭૭૫ કરોડ ફાળવ્યા છે, જે ઉદ્યોગ સાહસિકોને મૂડી અને વ્યાજ સહાય પૂરી પાડશે તેવો વિશ્વાસ વ્યક્ત કરીને મંત્રીશ્રીએ આંકડાકીય માહિતી આપતા જણાવ્યું કે, વર્ષ ૨૦૨૫-૨૬ માં જ MSME એકમોમાં ?૩૮,૦૦૦ કરોડથી વધુનું રોકાણ આવ્યું છે અને ૧.૪૦ લાખથી વધુ નવી રોજગારીઓ ઊભી થઈ છે. તેવી જ રીતે, ગુજરાતના ગૌરવ સમાન કાપડ ઉદ્યોગને વૈશ્વિક કક્ષાએ લઈ જવા ?૨૭૫૫ કરોડ ફાળવાયા છે, જેના ફળસ્વરૂપે કાપડ ક્ષેત્રે ૧૮,૦૦૦ કરોડનું મૂડી રોકાણ અને ૫૦,૦૦૦ યુવાનોને રોજગારી પ્રાપ્ત થઈ છે. મોટા ઉદ્યોગોમાં પણ ૬૩,૦૦૦ કરોડના રોકાણ સાથે ૨.૫૦ લાખ જેટલી પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીનું સર્જન કરીને રાજ્ય સરકારે રોજગારના ક્ષેત્રે વિપક્ષની ટીકાઓનો જડબાતોડ જવાબ આપ્યો છે. સ્માર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સેમિકન્ડક્ટર ક્રાંતિ અને ધોલેરા 'સેમિકોન સિટી' સંદર્ભે ગૃહમાં મંત્રી શ્રી વાઘાણીએ કહ્યું કે, ય્ૈંડ્ઢઝ્ર વસાહતોને આધુનિક બનાવવાની દિશામાં રાજ્ય સરકારે ૧૨૦ નાની વસાહતોના નવીનીકરણ માટે ?૫૦ કરોડ અને માંડલ-દહેજ જેવી ૧૦ વસાહતોને 'સ્માર્ટ અને ગ્રીન ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ'માં રૂપાંતરિત કરવા વધુ ?૫૦ કરોડની જોગવાઈ કરી છે, જ્યાં ઝ્રઝ્ર્‌ફ અને ઈફ ચાર્જિંગ જેવી સુવિધાઓ હશે. સેમિકન્ડક્ટર ક્ષેત્રે ગુજરાત દેશનું અગ્રેસર રાજ્ય બન્યું છે અને ધોલેરામાં ટાટા ઈલેક્ટ્રોનિક્સ દ્વારા ?૯૧,૦૦૦ કરોડના રોકાણ સાથે દેશનો પ્રથમ સેમિકન્ડક્ટર ફેબ્રિકેશન પ્લાન્ટ આકાર લઈ રહ્યો છે. ધોલેરાને 'સેમિકોન સિટી' બનાવવા માટે ત્યાં સ્કૂલ, હોસ્પિટલ અને આવાસ જેવી પાયાની સુવિધાઓ પણ વિકસાવવામાં આવી રહી છે. પર્યાવરણની રક્ષા માટે અંકલેશ્વર અને સાયખામાં ડીપ-સી ડિસ્ચાર્જ પ્રોજેક્ટ્સ પણ પૂર્ણતાના આરે છે. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, આદિવાસી વિસ્તારોના વિકાસ માટે રાજ્ય સરકાર ૫ નવા 'ટ્રાઈબલ ઔદ્યોગિક પાર્ક' સ્થાપવા જઈ રહી છે. વનબંધુ ઈન્ક્યુબેશન અને કૌશલ્ય વર્ધન જેવી યોજનાઓ દ્વારા આદિવાસી યુવાનોને ? ૨ લાખ સુધીની આર્થિક સહાય આપી ઉદ્યોગ સાહસિક બનાવવામાં આવશે. મહિલા કામદારો માટે ઔદ્યોગિક વસાહતોમાં 'વુમન્સ હોસ્ટેલ' અને આંગણવાડીની સુવિધાઓ ઊભી કરવા વિશેષ ફંડ ફાળવાયું છે. મંત્રીશ્રીએ ઉમેર્યું કે, ગુજરાતમાં હવે 'ઈન્સ્પેક્ટર રાજ'ના અંત આવી ગયો છે. જેને વધુ મક્કમતાથી અમલમાં લાવવા માટે રાજ્ય સરકારે 'ગુજરાત જન વિશ્વાસ અધિનિયમ ૨૦૨૫' પસાર કરી ૧૧ કાયદાઓની ૫૧૬ જોગવાઈઓને ગુનારહિત (De-criminalize) કરી છે, જેથી વેપારીઓ ભયમુક્ત રીતે વ્યવસાય કરી શકે. સ્ટાર્ટઅપ અને કુટિર ઉદ્યોગમાં ગુજરાત સરકારે વિશ્વમાં ડંકો વાગ્યો છે તેમ જણાવતા મંત્રીશ્રીએ ગૌરવભેર જણાવ્યું કે, નેશનલ સ્ટાર્ટઅપ રેન્કિંગમાં ગુજરાત સતત પાંચમી વખત દેશમાં 'બેસ્ટ પર્ફોર્મર' જાહેર થયું છે. રાજ્યમાં ૧૬,૦૦૦ થી વધુ સ્ટાર્ટઅપ્સ કાર્યરત છે, જેને સરકાર દ્વારા માસિક સસ્ટેનન્સ એલાઉન્સ અને સીડ સપોર્ટ આપવામાં આવે છે. છેવાડાના માનવી અને કારીગરો માટે કુટિર ઉદ્યોગ પ્રભાગમાં ૯૭૯ કરોડની ફાળવણી કરાઈ છે, જેમાં વાજપાઈ બેંકેબલ યોજના હેઠળ ૪૯૪ કરોડની સબસિડીનો સમાવેશ થાય છે. હવે ગુજરાતના પરંપરાગત કારીગરોનો માલ ઈ-કોમર્સના માધ્યમથી વિશ્વના બજારો સુધી પહોંચશે. મંત્રીશ્રીએ 'ગુજરાત સ્ટેટ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ'ની સ્થાપનાની માહિતી આપીને વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ બજેટ ગુજરાતને ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતનું પ્રેરક એન્જિન બનાવશે. ઉદ્યોગ વિભાગની માંગણીઓ વિધાનસભા ગૃહમાં પસાર કરવામાં આવી હતી.

# ગત ૨૪ વર્ષમાં રાજ્યનું પ્રવાસન બજેટ રૂ. ૧૨ કરોડથી વધીને રૂ. ૨,૧૦૧ કરોડ થયું: મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી




કમલમ્,

પ્રવાસન વિભાગની માંગણીઓ પરની ચર્ચામાં સહભાગી થતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ બે દાયકા પહેલા રોપેલું 'ખુશ્બુ ગુજરાત કી'નું બીજ આજે વટવૃક્ષ બન્યું છે. રાજ્ય સરકારની પ્રો-એક્ટિવ નીતિઓના પરિણામે ગત વર્ષે રેકોર્ડબ્રેક ૨૨.૨૭ કરોડ પ્રવાસીઓએ ગુજરાતની મુલાકાત લીધી છે. વિધાનસભા ગૃહમાં પ્રવાસન પ્રભાગની અંદાજપત્રીય માંગણીઓ પસાર કરવામાં આવી હતી. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૧-૦૨માં પ્રવાસનનું બજેટ માત્ર રૂ.૧૨ કરોડ હતું, જે આજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં વધીને રૂ. ૨૧૦૧.૦૨ કરોડ થયું છે. જ્યારે સમગ્ર પ્રવાસન પ્રભાગ એટલે કે, પ્રવાસન, દેવસ્થાન વ્યવસ્થાપન, નાગરિક ઉડ્ડયન અને યાત્રાધામ વિકાસ માટે કુલ રૂ. ૩૦૮૯.૬૩ કરોડની ઐતિહાસિક જોગવાઈ કરવામાં આવી છે. રાજ્યના યાત્રાધામોને હવે 'સ્માર્ટ સ્પિરિચ્યુઅલ ડેસ્ટીનેશન' તરીકે વિકસાવીને ગુજરાતને શ્રેષ્ઠ યજમાન તરીકે પ્રસ્થાપિત કરવામાં આવશે. પ્રવાસન ક્ષેત્રે ખાનગી રોકાણને પ્રોત્સાહન આપવા તેમજ પ્રવાસન ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા રાજ્ય સરકારે મહેસાણા અને રાજકોટ સમિટ દ્વારા મોટા પાયે MoU કર્યા છે, તેમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું. તેમણે આ સંદર્ભે ઉમેર્યું હતું કે, પ્રવાસન ક્ષેત્રના વિકાસ માટે મહેસાણા VGRCમાં રૂ. ૧૨૩૬ કરોડના રોકાણ તથા કચ્છ-રાજકોટ ફઈઝમાં રૂ. ૧૫૨૭ કરોડના સૂચિત રોકાણ માટે MoU કરવામાં આવ્યા છે. આ ઉપરાંત મોડ અને કોર્પોરેટ કાર્યશૈલી માટે ચાલુ વર્ષના બજેટમાં 'ગુજરાત-ટુર ડેવલપમેન્ટ કંપની' (SPV) અને "ગુજરાત પ્રવાસન એડવાઈઝરી કાઉન્સિલ"ની સ્થાપના કરવાની પણ જાહેરાત કરવામાં આવી છે, તેમ તેમણે ઉમેર્યું હતું. મંત્રીશ્રીએ કહ્યું કે, સોમનાથ મંદિર પરના પ્રથમ આક્રમણના ૧૦૦૦ વર્ષ અને સરદાર પટેલના જીર્ણોદ્ધાર સંકલ્પના ૭૫ વર્ષ પૂર્ણ થયા છે. સમગ્ર દેશ આ શૌર્ય અને સંઘર્ષના ઈતિહાસને યાદ રાખી શકે તે માટે વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં તાજેતરમાં જ 'સોમનાથ સ્વાભિમાન પર્વ'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી છે. આ ઉપરાંત ગત વર્ષે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ, નવરાત્રી મહોત્સવ, રણ મહોત્સવ, સાપુતારા મોન્સુન ફેસ્ટીવલ અને માધવપુર મેળાનું ઐતિહાસિક આયોજન કર્યુંહતું. મંત્રીશ્રીએ ખાસ ઉલ્લેખ કર્યો હતો કે, લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની સ્મૃતિમાં તેમની શાળા N.K. હાઈસ્કૂલ-નડિયાદને હેરિટેજનો દરજ્જો આપીને વિકસાવવા માટે રૂ. ૫ કરોડની જોગવાઈ કરાઈ છે. જૂનાગઢ ખાતે યોજાતા મહાશિવરાત્રી ના ભવ્ય મેળાને ગુજરાતનો કુંભ મેળો ગણાવતા મંત્રીશ્રીએ કહ્યું હતું કે, ગિરનારની તળેટીમાં ભરાતા પરંપરાગત મહાશિવરાત્રી મેળાના ભવ્ય આયોજન માટે રૂ. ૧૫ કરોડ ફાળવવામાં આવ્યા છે. ભારત સરકારના 'ઈન્ડિયા ટુરીઝમ ડેટા કમ્પેન્ડીયમ-૨૦૨૫' મુજબ ગુજરાત આજે વિદેશી પ્રવાસીઓની પસંદગીમાં દેશમાં ત્રીજા ક્રમે છે, જે રાજ્યની મજબૂત પ્રવાસન નીતિ અને સુરક્ષિત વાતાવરણની પ્રતીતિ કરાવે છે, તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

# ગુજરાતને 'સ્પોર્ટ્સ હબ' બનાવવાના સંકલ્પ સાથે રમતગમત વિભાગ માટે રૂ. ૨૦૦૬ કરોડની ઐતિહાસિક જોગવાઈ: રૂ. ૫૦૦ કરોડના ખર્ચે અમદાવાદ બનશે 'ઓલિમ્પિક રેડી સિટી': મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી

## ગુજરાતને વૈશ્વિક સ્પોર્ટ્સ હબ બનાવવા ઓલિમ્પિક સ્તરના ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે ડબલ એન્જિન સરકારનું મજબૂત આયોજન



- અમદાવાદમાં ૧૭,૫૦૦ ખેલાડીઓની કેપેસીટી ધરાવતું 'ઓલિમ્પિક વિલેજ' અને કરાઈમાં ૫૦ હજારની કેપેસિટીનું નવું એથ્લેટિક્સ સ્ટેડિયમ અને શૂટિંગ રેન્જ બનશે
- વિવિધ જિલ્લાઓમાં નવા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ માટે રૂ.૧૬૫ કરોડ અને કરાઈ ખાતે ઓલિમ્પિક કક્ષાની સુવિધાઓ માટે રૂ. ૧૦૦ કરોડની જોગવાઈ
- વર્ષ ૨૦૧૦માં પ્રારંભ થયેલા 'ખેલ મહાકુંભ'માં રમતવીરોની સંખ્યા ૧૬.૫૦ લાખ હતી જે વધીને આજે વર્ષ ૨૦૨૫-૨૬માં ૭૨ લાખે પહોંચી
- ગ્રંથાલયોના આધુનિકીકરણ માટે રૂ. ૧૮૭ કરોડની જોગવાઈ: આદિવાસી વિસ્તારોમાં ૧૨ નવી લાઈબ્રેરી અને ૧૬ સોલાર પાવર આધારિત લાઈબ્રેરીઓનું નિર્માણ કરાશે
- વિધાનસભા ગૃહમાં રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગની અંદાજપત્રિય માંગણીઓ પસાર

કમલમ્,

ગુજરાત વિધાનસભા ખાતે રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગની બજેટ માંગણીઓ પરની ચર્ચામાં સહભાગી થતા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ રાજ્યના યુવાનોના સર્વાંગી વિકાસ અને રમતગમત ક્ષેત્રે ગુજરાતના વધતા પ્રભાવને રેખાંકિત કર્યો હતો. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતને 'સ્પોર્ટ્સ હબ' બનાવવાના સંકલ્પ સાથે રમતગમત વિભાગ માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની 'ડબલ એન્જિન' સરકારે આ વર્ષે રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે રૂ. ૨૦૦૬ કરોડની જોગવાઈ કરી છે, જે અગાઉના વર્ષોની સરખામણીએ અનેકગણી છે. મંત્રી શ્રી વાઘાણીએ જણાવ્યું હતું કે આ બજેટમાં માત્ર રમતગમત ક્ષેત્ર માટે રૂ. ૧,૩૩૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. વૈશ્વિક ફલક પર ગુજરાતને રમતગમત ક્ષેત્રે અગ્રેસર કરવા માટે અનેક મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સનું આયોજન કરવામાં આવ્યું છે. નરેન્દ્ર મોદી સ્ટેડિયમની આસપાસ ૩૩૫ એકરમાં ફેલાયેલું 'જી્ફ સ્પોર્ટ્સ એન્ક્લેવ' આ મિશનનું કેન્દ્રબિંદુ બનશે. આ એન્ક્લેવમાં ૧૨,૦૦૦ની ક્ષમતા ધરાવતું ઓલિમ્પિક સ્ટાન્ડર્ડ એક્વેટિક સેન્ટર, ૨૪,૦૦૦ની ક્ષમતાનું ટેનિસ સેન્ટર અને ૧૮,૦૦૦ની બેઠક ક્ષમતા ધરાવતું અત્યાધુનિક ઈન્ડોર એરેના તૈયાર કરવામાં આવશે. રાજ્યના અન્ય મહત્વના સ્પોર્ટ્સ પ્રોજેક્ટ્સની વિગતો આપતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કરાઈ ખાતેની ગુજરાત પોલીસ એકેડેમીમાં ૧૪૩ એકર વિસ્તારમાં ૫૦,૦૦૦ની ક્ષમતાવાળું નવું એથ્લેટિક્સ સ્ટેડિયમ અને આધુનિક શૂટિંગ રેન્જનું નિર્માણ થઈ રહ્યું છે. ખેલાડીઓની સુવિધા માટે અમદાવાદના ભાટ ખાતે ૧૩૫ એકરમાં ૧૭,૫૦૦ ખેલાડીઓ રહી શકે તેવું આધુનિક 'ઓલિમ્પિક ગેમ્સ વિલેજ' બનાવવામાં આવશે. મંત્રીશ્રીએ ભારપૂર્વક જણાવ્યું છે કે આ માત્ર ઈમારતોનું નિર્માણ નથી, પરંતુ ભવિષ્યની મોટી રમતગમતની સ્પર્ધાઓ બાદ આ તમામ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને 'હાઈ-પરફોર્મન્સ ટ્રેનિંગ સેન્ટર' તરીકે વિકસાવવામાં આવશે. આ સુવિધાઓ ગુજરાતના યુવાનો માટે ખુલ્લી મૂકવામાં આવશે, જેથી તેઓ આંતરરાષ્ટ્રીય સ્તરે શ્રેષ્ઠ દેખાવ કરી શકે. રાજ્યમાં સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિશે માહિતી આપતા મંત્રીશ્રીએ કહ્યું હતું કે રાજ્યના વિવિધ જિલ્લાઓમાં નવા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ માટે રૂ. ૧૬૫ કરોડ અને કરાઈ ખાતે ઓલિમ્પિક કક્ષાની સુવિધાઓ માટે રૂ. ૧૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ગુજરાતમાં હોકીની રમતને વધુ વેગ આપવા માટે રૂ.૯૦ કરોડના ખર્ચે વૈશ્વિક કક્ષાનું હોકી સ્ટેડિયમ બનાવવાનો મહત્વનો નિર્ણય પણ લેવામાં આવ્યો છે. મંત્રીશ્રીએ ગર્વભેર જણાવ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં વર્ષ ૨૦૧૦માં પ્રારંભ થયેલા 'ખેલ મહાકુંભ'માં રમતવીરોની સંખ્યા ૧૬.૫૦ લાખથી વધીને આજે વર્ષ ૨૦૨૫-૨૬માં ૭૨ લાખ સુધી પહોંચી છે, જે રમતગમત ક્ષેત્રે ગુજરાતની બદલાયેલી વિચારધારાનું પ્રતીક છે. ઈન સ્કુલ યોજના હેઠળ રાજ્યની ૨૩૦ શાળાઓમાં ૧.૨૯ લાખથી વધુ બાળકોને તાલીમ મળી રહી છે. જિલ્લા કક્ષાની સ્પોર્ટ્સ સ્કૂલ (DLSS) પાછળ વાર્ષિક રૂ.૯૫ કરોડનો ખર્ચ કરી ૫૩૦૦થી વધુ બાળકોને તાલીમ આપી આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓ માટે તૈયાર કરવામાં આવી રહ્યા છે, જેના પરિણામે આ ખેલાડીઓએ રાષ્ટ્રીય કક્ષાએ ૧૭૦ અને રાજ્ય કક્ષાએ ૧૯૩૮ મેડલ જીત્યા છે. આ ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા (SGFI) દ્વારા યોજાતી રાષ્ટ્રીય સ્પર્ધાઓમાં આજે ગુજરાતનો ડંકો વાગી રહ્યો છે. વર્ષ ૨૦૨૪-૨૫ની ૬૮મી નેશનલ સ્કૂલ ગેમ્સમાં ગુજરાતના રમતવીરોએ ૩૨ ગોલ્ડ, ૩૧ સિલ્વર અને ૫૪ બ્રોન્ઝ સાથે કુલ ૧૧૭ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો છે. મંત્રીશ્રીએ કહ્યું હતું કે રાજ્યના યુવાનોની બૌદ્ધિક અને શારીરિક શક્તિ ખીલવવા માટે સરકારે ગ્રંથાલયોના આધુનિકીકરણ માટે રૂ. ૧૮૭ કરોડની જોગવાઈ કરાઈ છે. જેમાં આદિવાસી વિસ્તારોમાં ૧૨ નવી લાઈબ્રેરીઓ અને ૧૬ સોલાર પાવર આધારિત લાઈબ્રેરીઓનું નિર્માણ કરવામાં આવશે. સાહિત્યકારો માટે 'સાહિત્ય ગૌરવ પુરસ્કાર'ની રકમ રૂ. ૧ લાખથી વધારીને રૂ. ૨ લાખ અને 'યુવા ગૌરવ પુરસ્કાર'ની રકમ રૂ. ૫૧ હજારથી વધારીને રૂ. ૧ લાખ કરાઈ છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતુ કે, રાજ્યના સાંસ્કૃતિક વારસાને જાળવવા માટે પુરાતત્વ અને મ્યુઝિયમ વિભાગ માટે રૂ. ૨૨૬ કરોડના ખર્ચે કચ્છના વડીમેડી અને પ્રભાસ પાટણના સૂર્યમંદિર જેવા ઐતિહાસિક સ્થળોનું રિસ્ટોરેશન કરવામાં આવશે. કેવડિયા ખાતે ૫૬૨ રજવાડાની એકતાનું ભવ્ય સંગ્રહાલય અને દ્વારકામાં ભગવાન શ્રીકૃષ્ણના જીવન આધારિત મ્યુઝિયમ આકાર લઈ રહ્યા છે. આ ઉપરાંત, 'કલા મહાકુંભ' અને 'માધવપુર ઘેડના મેળા' જેવા આયોજનો દ્વારા ગુજરાતની લોકકલાને વૈશ્વિક મંચ આપવામાં આવી રહ્યો છે. ગુજરાત સરકાર યુવાનોને માત્ર મેડલ અને રોજગારી જ નહીં, પરંતુ સાંસ્કૃતિક ગૌરવ સાથે વિશ્વ ફલક પર 'ચેમ્પિયન્સ' તરીકે સ્થાપિત કરવા કટિબદ્ધ છે. આજે રજૂ કરવામાં આવેલા માત્ર આંકડાઓ નથી પરંતુ તે ગુજરાતના યુવાનોના પરસેવાની કમાણીને મેડલમાં બદલવા માટેનો સરકારનો મક્કમ નિર્ધાર છે. આજનું ગુજરાત હવે રમતગમતના મેદાનમાં પણ વિશ્વસ્તરે ડંકો વગાડવા સજ્જ છે તેમ મંત્રીશ્રીએ વધુમાં કહ્યું હતું. વિધાનસભા ગૃહમાં રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગની રૂ. ૨,૦૦૬ કરોડની અંદાજપત્રિય માંગણીઓ પસાર કરવામાં આવી હતી.

